અભિ-નેતા 'સરદાર' પરેશ રાવલ ગુજરાતના 'ચીફ મિનિસ્ટર' બનશે

જૂથવાદ નહીં નડે તો કોંગ્રેસ માટે પાંચ થી છ બેઠકો જીતવી આસાન

ભાજપના સન્નિષ્ઠ કાર્યકરોને અસંતોષ ઘણો પણ બળાપો કોને કહે

અભિ-નેતા 'સરદાર' પરેશ રાવલ ગુજરાતના ચીફ મિનિસ્ટર બનશે અને તે પણ નરેન્દ્ર મોદીને હટાવીને.... ચોંકી ગયા ને... અમદાવાદમાં લોકસભાની ચૂંટણી લડીને સંસદસભ્ય થનારા પરેશ રાવલ ચીફ મિનિસ્ટર કેવી રીતે બને... પણ આ વાત સાચી છે. તેઓ એક ફિલ્મમાં ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના રોલમાં આવવાના છે. બદલાયેલા સંજોગોમાં આ ફિલ્મ બની તો તે ફિલ્મ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના જીવનનો પરિચય આપશે... બાળપણ થી જવાની અને પછી રાજનેતા બનેલા મોદીનું ત્રિઅંકી પાત્ર તેમાં હશે.

મોદીની જવાનીનો રોલ ફિલ્મસ્ટાર વિવેક ઓબેરોય ભજવવાના છે અને મુખ્યમંત્રીના રોલમાં પરેશ રાવલ છે. આ બન્ને મોદીના ખાસ ફિલ્મી મિત્રો કહેવાય છે...વિદેશમાં વસતા ફિલ્મ મેકર મિતેશ પટેલ આ ફિલ્મ બનાવી રહ્યાં છે જેમાં મોદીના સંઘર્ષની સફર છે. મોદીએ આ ફિલ્મ માટે લીલીઝંડી આપી દીધી છે. ફિલ્મનું નામ હજી નક્કી કરવામાં આવ્યું નથી પણ શૂટીંગના લોકેશન નક્કી કરી દેવામાં આવ્યા છે, બેશક તેમાં વડનગર અને ગાંધીનગરનું શૂટીંગ હશે. મોટા ભાગનું શૂટીંગ મુંબઈમાં કરવાનો પ્લાન નક્કી કરવામાં આવ્યો છે...

આશાના મિનારામાં પથ્થર હલકો વપરાય...? !!

દિલ્હીની સત્તા માટે હોડ મચી છે. કોંગ્રેસને યુ.પી.એ - ૩ આશા નથી પણ ભાજપ ફોપફુલ છે. સત્તા પોતાની તરફ સરકી રહી હોવાથી પાર્ટીના સિનિયર નેતાઓ મોદીને મોટો બનાવી રહ્યાં છે, કારણ કે આ જે દેખાય છે તે મોદીનો કરિશ્મા છે. આ નેતાઓ પાર્ટીને દેશમાં મોટી કરવામાં એટલી બધી ઉતાવળ કરી રહ્યાં છે કે ક્યો નેતા ક્રિમિનલ અને કોણે ભૂતકાળમાં શું કર્યું છે તે જોવાનો સમય પણ નથી. પાર્ટીના સિનિયર લિડરોના અપમાન કરનારા નેતાઓ આજે ભાજપને સારા લાગી રહ્યાં છે..."આશાના મિનારામાં હલકો પથ્થર વપરાય નહી, નહી તો મિનારાને જમીન દોસ્ત થતાં વાર નહી લાગે..."

વિવાદાસ્પદ વ્યક્તિત્વ રામસેનાના -મુખ -મોદ મુથાલિકના એન્ટ્રી-એક્ઝિટ ડ્રામા પછી અન્ય પાર્ટીઓ જેમને ધિક્કારે છે તે જનતાદળના પૂર્વ નેતા સાબિર અલી પણ ભાજપને ગમે છે...અમદાવાદના એક કાર્યકર્તાએ તો ત્યાં સુધી કહ્યું હતું કે અમદાવાદમાં લતીફ જીવતો નથી, જો તે જીવતો હોય તો આજે નવાઈ પામવા જેવું નથી, કારણ કે લતીફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં એકસાથે પાંચ જગ્યાએ થી ચૂંટાઈ આવ્યો હતો. ગુજરાતમાં કદાચ આ એક રેકોર્ડ હશે. આ સમયે કોંગ્રેસનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. ભાજપના મુખ્તાર અબ્બાસ નકવીની ટ્વિટથી પાર્ટીના સિનિયર નેતાઓ છંછેડાયા છે, પણ તેમણે પાર્ટીના હિતમાં સાચી વાત કરી હતી જે અન્ય નેતાઓને ગમી નથી...

મોદી કહે તો અમારે માની જવાનું હોય ને...!!

જ્ઞાતિવાદના જોરે ચૂંટણી લડતા નેતાઓને મહિલાઓ જોઈતી નથી

ગુજરાત ભાજપમાં ટિકીટના મુદ્દે અડધો ડઝન જગ્યાએ

● અનુસંધાન પાન-૭ પર

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ગાંધીનગરમાં વેકેશનના માહોલની શરૂઆત

બોર્ડની પરીક્ષાનો ભાર હટતા જ વિદ્યાર્થીઓ-વાલીઓ 'ઠંડા' થવા નીકળ્યા : ગરમીનું પ્રમાણ પણ વધતા રાત્રીના સમયે આઈસ્ક્રીમ પાર્લરો, સોડા સેન્ટરો પર ભીડ વધી : સર્કલો અને બગીચાઓમાં પણ ધમધમાટ

ગાંધીનગર, તા. ૩૦

રાજયમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ પુરી થઈ ગઈ છે. ગાંધીનગર શહેરમાં વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓએ પણ પરીક્ષાઓ પૂર્ણ થતા હાંશકારો અનુભવી રહ્યા છે. બીજી તરફ શહેરમાં ગરમીનો પારો ધીમે ધીમે ઉપર આવી રહ્યો હોઈ પરીક્ષાના ભારથી છુટેલા બાળકો અને વાલીઓ રાત્રીના સમયે હળવા થવા આઈસ્ક્રીમ પાર્લરો અને સોડા સેન્ટરો પર ભીડ જમાવી રહ્યા છે.

દિવસભર ગરમીનું પ્રમાણ ઉંચુ રહેતા લોકો રાત્રીના ઠંડકમાં અને હરિયાળા શહેરમાં મંદમંદ વાતા મસ્ત પવનની લહેરાખીઓ માણવા સાંજે વાળુ પતાવ્યા બાદ ટહેલવા નીકળી પડે છે. સેક્ટરોના કોર્નરો અને શોપીંગ સેન્ટરો ઉપરાંત શહેરના વિવિધ સર્કલો પર

(તસવીર : કશ્યપ નિમાવત)

રાત્રીના સમયે લોકોના ટોળા બેઠેલા જોવા મળી રહ્યા છે. અભ્યાસના ભારથી હળવા થયેલા બાળકો ટુવ્હીલર્સ લઈને ખુલ્લી સડકો પર ગ્રૂપમાં રખડવા નીકળી પડે છે. ખાણી-પીણીની લારીઓ પર પણ ઘરાકી વધેલી જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં લોકલ બનાવટની આઈસ્ક્રીમ ખૂબ જ લોકપ્રિય છે અને શહેરના લોકોને શેરડીના લાકડાના સંચાનો તાજો રસ પણ અતિ પ્રિય છે. આ ઉપરાંત બરફના આઈસડીશ ગોળા અને વિવિધ ફ્લેવરમાં મળતી સોડાના પણ નગરજનો એટલા જ શોખીન છે. ગરમીના દિવસો શરૂ થઈ જતા નગરજનોનો પોતાના શોખ પુરા કરી ઠંડા થવા આઈસ્ક્રીમ પાર્લરો, સોડા સેન્ટરો, શેરડીના રસના કોલા તેમજ બરફની લારીઓ પર ધમધમાટ વધી રહ્યો છે.

ધો. ૧ થી ૫ ના પાઠ્ય પુસ્તકોના ભાવોમાં તોતીંગ વધારો ઝીંકાયો

પાઠ્યપુસ્તક મંડળે ૨૦૦ થી ૩૦૦ ટકા ભાવો વધાર્યા

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે પ્રાથમિક વિભાગના પાઠ્યપુસ્તકોની કિંમતમાં ૨૦૦ થી ૩૦૦ ટકાનો ભાવ વધારો કર્યો છે. પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા જે નવા પાઠ્ય પુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે. તેમાં આ ભાવ વધારો લાગુ કરવામાં આવ્યો છે.

ધો. ૧ થી ૫ માં સેમેસ્ટર પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. અને તે મુજબ બંને સેમેસ્ટરના પાઠ્ય પુસ્તકોના ભાવ વધારી દેવાયા છે. મોંઘવારીનો સામનો કરી રહેલી પ્રજાની કેડ પર હવે બાળકના ભણતરનો ભાર પણ વધશે. રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે પ્રાથમિકના પાઠ્યપુસ્તકોમાં

તેમજ ધો. ૧૦ અને ધો. ૧૨ના કેટલાક વિષયોમાં ૨૦૦ થી ૩૦૦ ટકાનો વધારો ઝીંક્યો છે. ધો. ૧ થી ૫ના સેમેસ્ટરના પુસ્તકોનો સેટ ઉંચા ભાવે વેચાઈ રહ્યો છે. મંડળે આ બાબતે એવી સ્પષ્ટતા કરી છે કે અગાઉ ૧૪ વર્ષ પહેલા પાઠ્ય પુસ્તકોની કિંમત નક્કી થઈ હતી હવે જ્યારે સમગ્ર અભ્યાસક્રમ બદલાઈ રહ્યો છે ત્યારે વર્તમાન સમયમાં મોંઘવારી, કાગળની કિંમત વગેરેને ધ્યાનમાં લઈ નવી કિંમત નક્કી કરવામાં આવી છે જે આગામી પાંચ-સાત વર્ષ સુધી યથાવત રહેશે.

વોટ્સએપનો વધુ પડતો ઉપયોગ અંગુઠા-કાંડામાં કાયમી દુઃખાવો આપે છે

ગાંધીનગર, તા. ૩૦

મોબાઈલ એપ્લીકેશન 'વોટ્સએપ' હવે વૈશ્વિક બની ગયું છે. ૪૫ કરોડથી વધુ લોકો મોબાઈલમાં આ એપ્લીકેશન ડાઉન કરી મેસેન્જર સર્વિસનો લાભ ઉઠાવે છે. અને ચેટીંગ પણ કરે છે. સતત વોટ્સએપનો ઉપયોગ અંગુઠા અને કાંડામાં કાયમી દુઃખાવો આપી શકે છે તેવું તાજેતરમાં થયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું છે.



જેમ ઈન્ટરનેટ સર્ફીંગ એક રોગ બની ગયો તેવી જ રીતે મોબાઈલ પરનું આ એપ્લીકેશન પણ એક રોગ બનવા લાગ્યો છે. એસએમએસ કે વોટ્સએપ આખરે તો હાથના આંગળાથી જ થાય છે અને વોટ્સ એપમાં અંગુઠાનો વિશેષ ઉપયોગ થાય છે. તે જોતા હવે જેઓ સતત વોટ્સએપ પર રહે છે તેઓને વોટ્સ એપીટીઝ નામની બીમારી થવા લાગી છે. જેમાં અંગુઠામાં દુઃખાવો કાયમી ઘર કરી જાય છે. એક મેડીકલ જર્નલના રીપોર્ટ મુજબ આ એક એવો રોગ છે જે અંગુઠા કાંડાનો દુઃખાવો આપી શકે છે. સ્પેનમાં આ અંગેનો એક કેસ થયો છે જેમાં સતત છ કલાક કે તેથી વધુ વોટ્સએપનો ઉપયોગ કરનાર યુવતીને કંપવા સહિતનો કાંડાનો દુઃખાવો થાય છે. આ રોગ ટીનએજ બાળકોમાં પણ જોવા મળ્યો છે જેઓ સતત મોબાઈલ પર વ્યસ્ત રહે છે તબીબો કહે છે કે આ રોગની શરૂઆત છે. પણ જો તેના પર બેધ્યાન રહેવામાં આવે તો તે કાયમી દુઃખાવો આપી શકે છે.

TEACHERS WANTED

Trinity English Medium Shool

TALOD, Dist. Sabarkantha-383215
E-mail : trinitytalod22@gmail.com

- Qualified Teachers for Primary, Secondary & Higher Secondary School.
- Apply within 7 days with full bio-data and photograph on above Address and E-mail.

• Attractive Salary and Transportation Facility •
• School - 35 km. away from Gandhinagar •

Preference will be given to the candidates who have studied throught in English Medium.

Trustee / Principal

બરફનો બફર સ્ટોક - ગરમીના દિવસોમાં બરફનું વેચાણ વધે તે સ્વાભાવિક છે... પરંતુ સ્વચ્છ બરફ સૌને મળે એવી અપેક્ષા પણ હોય છે. આજકાલ જાહેરમાં વેચાતો બરફ કેટલો અને કેવો ગંદો છે એની પ્રતિતિ આ તસવીરથી થાય છે... ગંદો બરફ રોગોનું મૂળ બને છે... કફ, ખાંસી, વાયરલ અને ઝાડા-ઉલ્ટી જેવા ઉનાળુ રોગોનું મુળ સ્તોત્ર ગંદો બરફ છે... જાહેર આરોગ્ય વિભાગ સતર્ક બને અને ગંદા બરફના વેચાણ સામે લાલ આંખ કરે તો ઉનાળાના આગામી દિવસોમાં રોગચાળો નાથવાનું નિમિત્ત બની શકે એમ છે... (તસવીર : દિપક જાની)

નગરો અને મહાનગરોને ઝીરો વેસ્ટ સીટી બનાવવા સરકારનો નિર્ધાર

ગાંધીનગર, તા. ૩૦

રાજયના તમામ શહેરો અને નગરોને ઝીરો વેસ્ટ સીટી બનાવવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન કાર્યક્રમ અમલમાં મુકવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય સંપૂર્ણ ગટર વ્યવસ્થા બને, નાગરિકોનું આરોગ્ય અને જીવન સારૂ બને તથા શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તેવું મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવા રાજય સરકારે ગુજરાતના શહેરોને ઝીરો વેસ્ટ સીટી બનાવવાનો નિર્ધાર કરેલ છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશનના ભાગરૂપે ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા શરૂઆતમાં ૩ માસ દરમ્યાન ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશને વેગ આપવા તથા સફળ રીતે પાર પાડવા માટે ચાર નાની મહાનગરપાલિકાઓ જેવી કે જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર દરેકને એક કરોડની નાણાં કીય સહાય તેમજ નગરપાલિકાઓને અ.બ,ક, ડ, કેટેગરી પ્રમાણે અનુક્રમે રૂ. ૫૫, ૪૫, ૩૦ અને ૨૦ લાખની નાણાંકીય સહાય આપવામાં આવશે.

સરકારી કચેરીઓ અર્ધસરકારી કચેરીઓ શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાના અને અન્ય જાહેર સંસ્થાઓમાં ખાસ સફાઈ ઝુંબેશ યોજવામાં આવશે.

સમગ્ર નીતિની અમલવારી માળખાકીય સંસ્થાગત ફેરફાર અને કામગીરીની દેખરેખ મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન રાખશે. મહાનગર અને નગરપાલિકા કક્ષાએ ટાસ્કફોર્સની રચના કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં મોદીની લહેર છે અને પ્રજા ઘણી આશાવાદી છે : સ્મૃતિ ઈરાની

કોંગ્રેસ સત્તા ઉપર હવે આવવાની નથી તેવા ભયના કારણે કોંગ્રેસના નેતા ચૂંટણીથી દૂર ભાગી રહ્યા છે : સ્મૃતિ ઇરાની

અમદાવાદ,તા. ૩૦

ભાજપના વરિષ્ઠ નેતા સ્મૃતિ ઈરાનીએ આજે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી અને

યુપીએ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. દેશભરમાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લહેર ચાલે છે. આ લહેર નરેન્દ્ર મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ બતાવે છે. બીજી બાજુ કોંગ્રેસના કેટલાય નેતાઓ ચૂંટણી લડવાથી દર ભાગી રહ્યા છે, કારણ કે, તેમને લાગે છે કે કોંગ્રેસ સત્તા ઉપર પાછી આવવાની નથી. પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને પ્રવક્તા આઈકે જાડેજા તેમજ મિડિયા કન્વીનર ડો. હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદમાં સ્મૃતિ ઈરાનીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં અર્થ વ્યવસ્થાનો મુદ્દો ખુબ જ મહત્વનો બની રહેવાનો છે. સને ૨૦૦૪માં ભાજપ-એનડીએની અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળા સરકાર બાદ કેન્દ્રમાં આવેલા કોંગ્રેસ-યુપીએની સરકારના મંત્રી ચિદમ્બરમે ૨૦૦૪માં સંસદમાં જણાવ્યું હતું કે, સરકારનો ખજાનો ભરપુર છે, અને ગ્રોથ રેટ ૮.૬ ટકા છે અને સંસદમાં આશ્વાસન આપતા કહ્યું હતું કે, વિકાસના આ પથ ઉપર કોંગ્રેસ યુપીએની સરકાર ચાલતી રહેશે, પરંતુ આજે ભારતમાં વિપરિત પરિસ્થિતિ છે. આજે ગ્રોથ રેટ ચાર ટકા થઈ ગયો છે. ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ રેટ ૬.૯ ટકાથી ઘટીને ૦ ટકા થઈ ગયેલ છે, એનડીએના શાસનમાં મેન્યુફેક્ચરિંગ ગ્રોથ રેટ ૭.૩ ટકા હતો, જે આજે યુપીએ સરકારમાં નેગેટીવ છે.

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 80003
93 28 9 3535
રંગવાલા ડેકોરેટર્સ

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com